ઈન્ડીયા ટુ-ડે અને એમ.ડી.આર.એ.ના સર્વે પ્રમાણે

# કડીની પ્રમુખ સ્વામી કોલેજને સતત ત્રીજા વર્ષે "ભારતની શ્રેષ્ઠ"માં સ્થાન

**શૈક્ષણિક શ્રેષ્ઠતામાં આર્ટસમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ અને સાયન્સમાં રાજ્યમાં દ્વિતીય સ્થાન**

ગાંધીનગર, તા. ૨૮

ઈન્ડીયા ટુ-ડે અને એમ.ડી.આર.એ. દ્વારા દર વર્ષે ભારતભરની વિવિધ ૧૪ વિદ્યાશાખામાં દેશની શ્રેષ્ઠ કોલેજની પસંદગી કરવામાં આવે છે. આ પસંદગીના માપદંડમાં પ્રવેશ યોગ્યતા અને વહીવટીય પારદર્શકતાના ૨૫૦ ગુણ, શૈક્ષણિક ઉત્કૃષ્ટતાના ૨૫૦ ગુણ, માળખાકીય સુવિધાઓ અને અભ્યાસકીય અનુભવના ૧૫૦ ગુણ, વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વના ગુણોના ૨૦૦ ગુણ, કારકિર્દી વિકાસ અને નોકરીની ઓફરના ૧૫૦ ગુણ એમ ૧૦૦૦ ગુણ શૈક્ષણિક ક્ષેત્રના અને અન્ય ૧૦૦૦ ગુણ કોલેજની સમગ્ર ભારતમાં ઓળખના એમ કુલ મળીને ૨૦૦૦ ગુણમાં માર્કિંગ કરવામાં આવે છે. પરસેપ્શનના (દેશભરમાં ઓળખ અને નામના) ૧૦૦૦ ગુણ હોવાથી, હમેંશા મોટા શહેરોની કોલેજની ભારતભરમાં વધુ ઓળખ અને નામના હોવાથી મોટા શહેરોની કોલેજો જ આ શ્રેષ્ઠતાની યાદીમાં સ્થાન પામતી હોય છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ જ એકમાત્ર ગ્રામ્ય વિસ્તારની કોલેજ છે જે દેશની શ્રેષ્ઠ કોલેજોમાં સ્થાન પામી છે.

## આર્ટસ વિદ્યાશાખા

| ક્રમ | કૉલેજનું નામ | શૈક્ષણિક ક્ષેત્રમાં મેળવેલ ગુણ (૧૦૦૦માંથી) | ઓળખ અને નામ માટેના ગુણ (૧૦૦૦માંથી) | કુલ ગુણ (૨૦૦૦માંથી) | બેસ્ટ કૉલેજ રેન્ક ૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અમદાવાદ | ૫૮૦.૪ | ૯૧૬.૧ | ૧૪૬૫.૫ | ૨૫ |
| ૨ | પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આટ્ર્સ કૉલેજ, કડી | ૫૮૫.૪ | ૧૨૧.૨ | ૭૦૬.૬ | ૭૮ |
| ૩ | ઊમિયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ | ૫૧૨.૩ | ૬૭.૦ | ૫૭૯.૩ | ૧૦૬ |

## વિજ્ઞાન વિદ્યાશાખા

| ક્રમ | કૉલેજનું નામ | શૈક્ષણિક ક્ષેત્રમાં મેળવેલ ગુણ (૧૦૦૦માંથી) | ઓળખ અને નામ માટેના ગુણ (૧૦૦૦માંથી) | કુલ ગુણ (૨૦૦૦માંથી) | બેસ્ટ કૉલેજ રેન્ક ૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અમદાવાદ | ૬૧૨.૧ | ૮૬૧.૨ | ૧૪૭૩.૩ | ૨૬ |
| ૨ | એમ.જી. સાયન્સ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ | ૫૪૫.૬ | ૬૦૧.૦ | ૧૧૪૬.૬ | ૬૫ |
| ૩ | ગર્વમેન્ટ સાયન્સ કોલેજ અમદાવાદ | ૪૨૩.૫ | ૪૪૩.૦ | ૮૬૬.૫ | ૮૪ |
| ૪ | એ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, વિદ્યાનગર | ૫૬૦.૦ | ૧૫૧.૫ | ૭૧૧.૫ | ૯૯ |
| ૫. | એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોલ સાયન્સ વિદ્યાનગર | ૫૧૪.૪ | ૧૯૬.૨ | ૭૧૦.૨ | ૧૦૦ |
| ૬ | પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આટ્ર્સ કોલેજ કડી | ૫૯૦.૫ | ૬૪.૦ | ૬૪૫.૫ | ૧૧૦ |

પ્રમુખ સ્વામી કોલેજની આ શ્રેષ્ઠ સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,કડીના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા સર્વે હોદ્દેદારોએ કોલેજના તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા છે.

# સાદરાના નર્મદાવનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયો




ચિલોડા, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઊજવણી નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલમાં આવેલ બી.એ વિભાગ અને શારીરિક શિક્ષણ અને રમતગમત વિદ્યા શાખા - સાદરાના સહયોગથી તેમજ સીઆરપીએફ ગાંધીનગર દ્વારા સાદરામાં આવેલા નર્મદા વનની પાંચ હેકટર જમીનમાં જુદા જુદા પ્રકારના ૬૦૦ છોડવાઓ રોપાણ કરી પર્યાવરણના જતન માટે વૃક્ષારોકણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

ડીઆઈજી રેન્જ ગાંધીનગરથી જેમ કોહલી, ૧૩૫ મહિલા બટાલીયન કમાન્ડેડ શ્રીમતી મમતા સિંગ, ઈન્સ્પેકટર જી. સુરેશ તેમજ સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને ડિન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાના હસ્તે વૃક્ષારોપણ કરાયું. સીઆરપીએફ ૧૩૫ મહિલા બટાલીયન તાલીમાર્થી બહેનો અને વિદ્યાપીઠ સંકુલના સેવકોએ સાથે ભેગા મળીને આ વૃક્ષારોપણ કાર્યક્રમ કરીને સામાજિક વનીકરણ કરવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સંકુલના સલામતી સેવકો, છાત્રાલયના મહારાજ રસોયાઓ, ગૃહપતિઓ, ગૃહમાતાઓની સહભાગીતાથી આ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવાયો. સંકુલના પ્રોફેસર ડૉ. જગદીશ ગોઠી, ડૉ. જગદીશ સાવલિયા, ડૉ. વિજય મકવાણાનો સાથ સહકાર મળ્યો. સમગ્ર વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન-સંયોજક પ્રા. રમેશભાઈ દ્વારા હાથ ધરાયું હતું.


# ગાંધીનગરના ડો. કૌશલ જાનીનું સંશોધન આગામી સમયમાં ઉપયોગી

ગાંધીનગર, તા. ૨૭

ભારત ચીન બોર્ડર પર તંગદીલી ભર્યું વાતાવરણ વચ્ચે ભારતીય સેના ને મદદ થઈ શકે તેવું સંસોધન પૂર્ણ કરવા માં આવ્યું. ગુજરાત ના પાટનગર ગાંધીનગર માં વસવાટ કરતા અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સલગ્ન વિદ્દુષ



સોમાણી ઈન્સ્ટીટયુટ ઓફટેકનોલોજી એન્ડ રિસર્ચમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.કૌશલ જાની એ તેમનું પી.એચ.ડી નું રીસર્ચ આ લોકડાઉન સમય દરમિયાન માં પૂર્ણ કરેલ છે. તેઓ ની " ઓબ્જેકટ ડિટેકશન ફોર ઓટોનોમસ ડિફેન્સ વિહીકલ " વિષય પર ડો. નીલેશકુમાર મોદી ના માર્ગદર્શન હેઠળ આર્ટીફીયલ ઈન્ટેલીજન્સ ટેકનોલોજી માં રીસર્ચ થીસીસ લખ્યું છે જે ને સંલગ્ન વિષય ના તજજ્ઞો નિષ્ણાંતો અને કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સીટી દ્વારા માન્ય રાખેલ છે. આ રીસર્ચ સાથે તેઓ ભારતના સૌથી નાની ઉમર માં ઓટોનોમસ વિહીકલ પર પી.એચ.ડી ડીગ્રી પ્રાપ્ત કરનાર તેમજ ભારત ના પ્રથમ ઓટોનોમસ ડિફેન્સ વિહીકલ પર રીસર્ચ કરવા નો રેકોર્ડ લિમ્કા બુક ઓફ રેકોર્ડ માટે રજિસ્ટર્ડ થયા છે. ડો જાની ના આ રીસર્ચ થી સરહદ પર પેટ્રોલિંગમાં તેમજ યુદ્ધ જેવી પરીસ્થીતી માં દેશ ના જવાન શહીદ નહિ થાય કારણ કે તેમના આ રીસર્ચ ના ઉપયોગ શકશે જેમાં કોઈ જવાન મોતને નહિ ભેટે. ડો. જાની ને તેમના આ રીસર્ચ માટે અમેરિકા અને પોલેન્ડ જેવી વિદેશની યુનિવર્સીટી એ એક્સપર્ટ



યુદ્ધ વાહન માનવરહિત સંચાલન શક્ય બન્યું છે. આ ટેકનોલોજી ના ઉપયોગ વડે યુદ્ધ વાહનો પોતાની જાતે તેમના માર્ગમાં આવતા ઓબ્જેક્ટ ને ડિટેકશન કરી ને જાતે નિર્ણય કરી શકે છે. આ પી.એચ.ડી રીસર્ચ કરવામાં તેમને સાડા ત્રણ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. તેમની આ ટેકનોલોજીમાં વિવિધ સેન્સર્સનો ઉપયોગ કરવા કરીને મશીનલર્નિંગ કરવા માં આવ્યું છે. આ ટેકનોલોજી નો ઉપયોગ કરીને સરહદ પર પેટ્રોલિંગ કરવું સરળ બનશે, ભારત ની સરહદ ની વિષમ પરિસ્થિતિ કે જ્યાં સેના નાં જવાનો કુદરતી આફતો નો સામનો કરી ને સરહદ ને સુરક્ષિત રાખે છે તેવી જ રીતે આ રીસર્ચ ના ઉપયોગ થી કંટ્રોલરૂમ માં બેઠાબેઠા સીમાડા ની સુરક્ષા કરી લેકચર માટે આમંત્રિત થયા છે. આ અગાઉ વર્ષ ૨૦૧૫ માં ડો.કૌશલ જાની એ ભારત ની પ્રથમ ડ્રાઈવર વગર ચાલતી કાર તેમજ ભારત નું પ્રથમ ફોર ગીઅર ઈલેક્ટ્રિકબાઈક એન્જીન બનાવેલ છે. ડો. જાની નું માનવું છે કે ભારત સાચા અર્થમાં આત્મનિર્ભર ત્યારે જ બનશે જયારે ભારત પોતાના દેશની ની રક્ષા માટે ના સાધનો ભારતમાં જ નિર્મિત કરશે અને ભારત એ રશિયા કે ઈઝરાયેલ જેવા દેશો પર આધારીત નહિ રહેવું પડે. હાલ ના ભારત ચીન ના તંગદીલી ભરી પરીસ્થીતી માં ડો. કૌશલ જાનીનું આ રીસર્ચ ભારત માટે ખુબજ ઉપયોગી સાબિત થઈ શકશે.

ડૉ. કૌશલ જાની
(મો. ૯૦૩૩૯૦૮૮૨૮)

## જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



**ડો. હર્ષદ બ્રહ્મભટ્ટ**



**ધ્રુવ પટેલ**
મો. ૮૧૫૪૯ ૧૩૦૩૫

**સચેત રહો સુરક્ષિત રહો**

# ચારણી - લોકકાવ્ય સૌંદર્યને ઉજાગર કરતો અભ્યાસુઓનો ઉપયોગી સંશોધન ગ્રંથ




ચારણી સાહિત્ય કેવળ રાજ-દરબારે જ પૂજાયું નથી. જો એવું જ હોત તો રજવાડાનાં વિલીનીકરણ પછી અદ્યોપિ પર્વત ગામડાના નિરક્ષર ચારણ, બારોટ, મોતીસર, ચારણોના રાવળ દેવ, મીર, તૂરી અને અન્ય વિદ્વાનો તેમજ લોકસમાજના કંઠોપકંઠ તે જીવંત ન રહેત. જ્ઞાતિના સીમાડામાં એ કેદ થયું નથી. એવું લોક સાહિત્યના મર્મજ્ઞ શિવદાનભાઈ ગઢવી રહેતા હોય ત્યારે એ વાત ઘણી સૂચક છે. તેમના મતે ચારણી સાહિત્યના લોકકાવ્યને પાંખો મળતા એનું સૌંદર્ય ઝળહળાં થયું છે. જેમના કંઠમાં કામણ છે, જીભે મા સરસ્વતીનાં બેસણા છે એવા આપણા લોકગાયકોનું એમાં મહત્ત્વનું પ્રદાન છે. આવા ચારણી - લોકકાવ્યનું કેવળ સૌંદર્ય નહીં, સંશોધન પણ થયું છે. ક્ષીર-નીર ઉપસી આવ્યા છે. તેવા ચારણી સાહિત્યમાં કાવ્ય સૌંદર્યને ઉજાગર કરતા એક સંશોધનાત્મક ગ્રંથની વાત કરવી છે.

ચારણી - લોકકાવ્ય સૌંદર્ય લેખક પ્રવીણ ગઢવીનું એક એવું પુસ્તક છે. જેમાં વિવિધ તબક્કે લખાયેલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકની વિગતવાર છણાવટ કરતી લોક સાહિત્યકાર શિવદાન ગઢવીની પ્રસ્તાવના તેને પ્રાપ્ત થઈ છે જે સોનામાં સુગંધ સમાન છે. લેખકે અહીં ચારણી-લોક કાવ્યમાં સૌંદર્ય કઈ કક્ષાએ મોતીની જેમ ઝગારા મારે છે તે વાચકો સમક્ષ મુકી આપ્યું છે. જેથી આપણા સાહિત્યકારોને ખ્યાલમાં આવે કે ચારણી સાહિત્યની પરિકમ્મા સીમિત




નથી, તેણે સમયનાં સ્પંદનો ઝાલ્યાં છે. ચારણી સાહિત્યમાં નિર્દોષ હાસ્ય, કરૂણતા, વફાદારી, નેક, નીતિ, વગેરેનું વિશેષ ખેડાણ કરવામાં આવેલું છે, પરંતુ અહીં લેખકે ચારણી સાહિત્યના વિદ્વાનો કરતાં એની મૂલવણી વિશિષ્ટ રીતે કરી છે જેથી તેના અભ્યાસુઓને ઉપયોગી થઈ શકે.

પ્રવીણ ગઢવી તલસ્પર્શી અભ્યાસી હોવાથી આ ગ્રંથમાં ચારણી અને લોકકવિતા અનોખી રીતે નીખરી ઊઠી છે. તેને ઉજાગર કરવાનો લેખકનો પ્રયાસ સફળ રહ્યો છે. આ પુસ્તક ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની આર્થિક સહાયથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. પ્રારંભના પ્રકરણમાં ચારણી સાહિત્યની ટૂંકી પરખ કરાવીનો લેખકે સિદ્ધરાજ જયસિંહના સમયના આણંદ - કરમાણંદના દુહાઓ, લાખા ફુલાણીને અમર કરનાર માવલ વરસડાની રચનાઓ, નારી સૌંદર્યને ઝંકૃત કરતા દુહાઓ વગેરેની ખુબ સારી છણાવટ કરી છે.

ચારણીની શૈલીની લોકકથાઓમાં આવતી કાવ્ય રચનાઓમાં શૃંગાર - રસના પ્યાલા ભરતાં કવિતા કેવી રસમય બને છે. તેના વિવિધ તબક્કે લેખકે દર્શન કરાવ્યા છે. આ ગ્રંથમાં કુલ - ૨૪ જેટલા સંશોધનાત્મક અભ્યાસ લેખોનો સમાવેએશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે ગુજરાતી ચારણી સાહિત્યમાં સૌંદર્ય, સ્વાતંત્ર્ય - ચળવળમાં ચારણ કવિઓનું પ્રદાન, ચારણી સાહિત્યમાં વ્યંગ, ઋતુગીતો, કંઠસ્થ પદ - લેખ કવિતામાં શૃંગાર, કવિ કાગ - જયમલ પરમારની પત્રમૈત્રી જેવા લેખો મહત્ત્વપૂર્ણ ગણી શકાય, એમના પ્રથમ લેખના છેલ્લા ફકરામાં ચારણી કાવ્યોની સૌંદર્ય રેખાના સિમાડા આંકડી રચનાઓનો ઉલ્લેખ લેખકે કર્યો છે. મેહ ઉજળીના દુહાઓ હોય કે ઢોલામારુની કથા હોય, શેણી-વિજાનંદના દુહાઓમાં શૃંગાર-રસનું સૌંદર્ય ન મળે તો લોકજીભે કથા આટલી મ્હોરી ન ઉઠે એનો અહેસાસ એના પાત્રો દ્વારા લેખકે ઉપસાવ્યો છે. લેખકે ચારણી સાહિત્ય તરફ દષ્ટિ ફેંકી તો ચારણી - સાહિત્ય, લોક સાહિત્ય તો છેલ્લા માનવીની દિવાવરીને કુસુમો પણ ચડાવ્યા છે. આ હકીકતની તારવણી ચારણી સાહિત્યને ઉંચા આસને બેસાડે છે. આ ગ્રંથનાં પ્રકરણ ૧૫, ૨૦, ૨૧, ૨૨માં આ સંદર્ભે કેવી વાચા આપી છે તેને વાચકો સમક્ષ સલૂકાઈથી રજૂ કરી છે. મધ્યકાલીન ચારણી સાહિત્ય ડિંગળમાં લખાયું છે. તે કાવ્ય રચનાઓ માત્રામેળ છંદમાં થતી હતી. દુહો એનું વાહક હતો. એવા દુહાઓ - છંદોનો સમાવેશ આ ગ્રંથમાં મળે છે.

લેખકે તેમના ગ્રંથનું નામાભિધાન કાવ્ય સૌંદર્ય કયાં કયાં ખીલી ઊઠ્યું છે તેની અગ્રિમતા આપીને પસંદ કર્યું છે. ચારણી સાહિત્યના અભ્યાસુઓને આ ગ્રંથ ઉપયોગી થશે તેવી શ્રદ્ધા સાથે આવકારું છું અને લેખકનો અભિનંદુ છું.

ચારણી - લોકકાવ્ય સૌંદર્ય
લેખક - પ્રવીણ ગઢવી
પ્રકાશક - આસવલોક પ્રકાશન, ગાંધીનગર
પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦
કિંમત રૂા. ૧૮૦/-

# ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા કોરોના વોરિયર્સને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા




ચિલોડા, તા. ૨૭

દેશમાં અને સમગ્ર વિશ્વમાં કોરોા (કોવિદ-૧૯) મહામારી સામે પોતાની જાતની કે પરિવારની ચિંતા કર્યા વગર દેશના નાગરિકોના આરોગ્યની સુરક્ષા અર્થે ઉત્કૃષ્ઠ કર્તવ્યનિષ્ઠા સાથે રાષ્ટ્રીય સેવામાં અમૂલ્ય ફાળો આપવા બદલે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા કોરોના વોરિયર્સ તરીકે પોલીસ કર્મી, યુ.જી.વી.સી.એલ ઈજનેરકર્મી, હોમગાર્ડ કર્મી, સફાઈ કર્મી, પંચાયતકર્મી, આરોગ્યકર્મી, સ્વયંસેવકો, વાયરમેન, ટ્રાફિક પોલીસ કર્મી વગેરેને કોરોના વોરિયર્સ તરીકે ભૂમિકા બજાવનાર કર્મયોગીને કચેરી ખાતે પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા હતા.




સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શન કરવા રાધે રાધે પરિવાર પહોચ્યું હતું. કોરોના મહામારીમાં સતત ૩ મહિનાથી ચાલતી અવિરત સેવામાં રાધે રાધે પરીવાર ગ્રુપના એક પણ સભ્યોને કોરોના કેશમાં સંક્રમિતના થવા દેવા માટે અને દરેક કષ્ટ દૂર કર્યા તે બદલ રાધે રાધે પરિવાર દાદાના ચરણ કમલમાં વંદન કર્યા હતા. આ શુભ અવસર પર રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા ગાંધીનગરમાં જે અદભૂત સેવાકીય કાર્યો લોકડાઉન દરમિયાન કર્યા છે. જેની નોંધ ઓલ ઈન્ડિયા સુખડીયા સમાજના પ્રમુખ અને સૌના લોક લાડીલા એવા માનનીય કિશોરભાઈ. એચ. શેઠ દ્વારા અભિનંદન પત્ર રાધે-રાધે પરીવારને સાળંગપુર મંદિરના મહારાજની ઉપસ્થિતિમાં એનાયત કર્યા હતા.